સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

કુસંપ, જૂથબંધી ને તંત્રના દાવપેચે હાર્યા !
આજસુધી માત્ર મરડયાં પૂછડાં ને ઢોર ચાર્યા
વાર્યા વર્યા નહીં, એને પહોંચે 'પોતાનાં જ પેટ'
નેતૃત્વની તાણખેંચમાં લાગ્યાં નહીં તીર ધાર્યા...
(નીતિનભાઈ ના નહોર)

હાઈકુ

નીતિ-ન ન્યાય,
ખૂટલ વહેવાર -
સત્તાનો માર

સત્તા આગળ,
શાણપણ નકામું
હાર્દિક દુ:ખ

ચિંતન

મન પંખી બીન પંખ કા, લખ જોજન ઉડ જાય,
મન ભાવે તાકો મિલે, ઘટ મેં આન સમાય.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર મનના મહાત્મ્ય અને મન-વશીકરણ વિશે વાત કરતાં કહે છે કે - મનની શક્તિ અપાર અને ઘણી આશ્ચર્યજનક છે. મન પાંખ વગરનું પંખી છે. ક્ષણ માત્રમાં તે લાખો માઈલ દૂર પહોંચી જાય છે. અને પળ વારમાં તે પાછું આપણામાં પણ આવી જાય છે. તેને કોઈ સીમાના બંધન નથી. આવું અજબ શક્તિશાળી હથિયારરૂપી મન આપણી પાસે છે. તે ખુશ થવા જેવી વાત છે. પણ સવાલ એ છે કે આપણા કહ્યાં પ્રમાણે ઊડે તે લાભકારી છે પણ નહીં તો ઉલ્ટું આપણા વિનાશનું કારણ બની શકે.

હથિયાર જેમ વધારે તીવ્ર તેમ વધારે ભયંકર ગણાય. એનો ઉપયોગ યોગ્ય રીતે અને યોગ્ય જગ્યાએ થાય તોજ વાપરનારને એનો લાભ મળે. કબીર કહે છે કે આવા પ્રબળ હથિયારનાં હરિએ આપણને માલિક બનાવ્યા છે. તો તે હથિયાર એટલે મનની ઈચ્છાશક્તિને વશમાં રાખવાનો ભગીરથ પ્રયાસ કરવો એ જ મનુષ્યનું લક્ષ્ય અને પ્રથમ કર્તવ્ય છે.

સુવિચાર

- સુખની ચાવી ત્યાગ અને સ્નેહપૂર્વક સમાધાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો લગ્ન પછી પણ સુખી નથી તેમને સમજવું કે તેઓએ માત્ર ચહેરાની સુંદરતા જ જોઈ હતી - **ચંદ્રકાન્ત બક્ષી**
- આ દુનિયામાં ભગવાનને યાદ કરવા વાળા કરતા પણ જીવન સેવાકાર્ય કરવાવાળા વધુ સુખી જણાય છે - **જનકલ્યાણ**
- 'પ્રેમ' બાળપણમાં મફત મળે છે, જવાનીમાં કમાવો પડે છે અને ઘડપણમાં માંગવો પડે છે - **સંત રોબિન**
- જો આંખમાં પાણી હોય તો 'મેઘધનુષ જેવી દૃષ્ટિ આપોઆપ આવી જશે' - **રજનીશ**
- લેખક નો અંતિમ ઉદ્દેશ્ય તો માનવ સભ્યતાને સમાપ્ત થતી બચાવવાનો જ હોવો જોઈએ - **ખલીલ જીબ્રાન**
- આજનું ઔષધ : બાવળનો ગુંદર ચૂસવાથી સૂકી ખાંચી અને છાતીમાં બળતરામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ક્રોધથી બચવાનો સૌથી સરળ ઉપાય એ છે કે જયારે કોઈ ક્રોધી વ્યક્તિ તમને ઉશ્કેરવાનો પ્રયત્ન કરે ત્યારે તમે તેનો પ્રતિકાર ન કરો, જો તમારું મન તને શાંત રાખી શકો તો શાંત મનથી કરેલા પ્રતિકારથી ક્રોધ દૂર થાય છે. ક્રોધી સ્વભાવવાળા દુર્વાસા મુનિ રાજા અંબરિષની ઈર્ષ્યા કરતાં હતા. એકવાર એમણે રાજા અંબરિષને કષ્ટ આપવાનો વિચાર કર્યો. દુર્વાસા જાણતા હતા કે ભીમ અગિયારસનો રાજા અંબરિષ ઉપવાસ કરે છે અને તેમની પ્રજા પણ રાજાને સંગાથ આપવા ઉપવાસ કરે છે. દુર્વાસાએ રાજાને જઈને કહ્યું, 'રાજન, આ અગિયારસ પછી ના દિવસે હું તમારે ત્યાં આવીશ અને તમારે ત્યાં જમીને હું ઉપવાસ છોડીશ.' દુર્વાસાએ રાજનને ત્યાં ભોજન કરવા જવામાં જાણી જોઈને મોડું કર્યું. આ બાજુ પ્રજા પણ રાજાનો સાથ આપવા ભૂખી હતી. ભૂખથી વ્યાકુળ પ્રજા અને ખાસ તો નાના બાળકોને જોઈ રાજા અંબરિષથી રહેવાયું નહીં આથી એમણે પ્રજાને સંદેશો આપ્યો કે સૌ ભોજન કરી લે, પરંતુ રાજાના ઉપવાસ છોડ્યા વગર તેમની નિષ્ઠાવાન પ્રજા ભોજન કરવા તૈયાર ન હતી. આખરે રાજાએ ફક્ત પાણી પીને પારણા કર્યા. આ બાજુ દુર્વાસા જમવા આવ્યા અને રાજાએ પારણા કરી લીધાની વાત સાંભળી ખુબ ગુસ્સે થયા, ક્રોધમાં દુર્વાસા રાજાને ખૂબ કુવચનો બોલ્યા અને એમને મારવા ત્યાં પડેલી તલવાર લીધી. છતાં રાજા શાંત બેસી રહ્યા, એમણે પોતાના પ્રાણ બચાવવાનો પણ પ્રયાસ ન કર્યો. અંતત : ભગવાન વિષ્ણુ રાજા અંબરિષને બચાવવા પ્રગટ થયા. એમણે સુદર્શન ચક્રથી તલવારનો અંત કર્યો. અને ત્યારબાદ સુદર્શન ચક્ર દુર્વાસા તરફ ગયું. પ્રાણીની રક્ષા માટે દુર્વાસા ત્રણેય લોકમાં ફર્યા અંતે રાજા અંબરીષના શરણે ગયા. અને રાજાની માફી માંગી. વિષ્ણુ ભગવાનની આટલી ભક્તિ કરનાર રાજાને જોઈ દુર્વાસા મુનિનો ક્રોધ પૂરો થયો અને અંબરિષ રાજા પાસે તેઓ નતસ્તક થઈ ગયા.

જેટલી - માલ્યાની મુલાકાતના અર્થસંકેતો

તંત્રીસ્થાનેથી...

કિડની ટ્રાન્સપ્લાન્ટની જટિલ સારવાર લઈ લાંબા વખતથી રજાઓ પરથી ફરજ પર પાછા ફરેલા નાણામંત્રી અરુણ જેટલી માટે મુસીબતના દિવસો શરૂ થયા છે. જેટલી ભારતીય જનતા પાર્ટીના સૌથી બુદ્ધિમાન નેતા ગણાય છે. સમર્થ ધારાશાસ્ત્રી તરીકે તેઓ પાર્ટીને એની કાયદાકીય મુશ્કેલીઓમાંથી ઉગારતા રહ્યા છે તો વળી કયારેક વાજપેયી સરકારમાં તત્કાલીન સંરક્ષણ મંત્રી જયોર્જ ફર્નાન્ડિસ વિવિધ સાથી પક્ષોના નેતાઓ વચ્ચેની ભાજપ સાથેની મડાગાંઠ ઉકેલી આપી ટ્રબલશૂટરની ભૂમિકા ભજવતા હતા તેવી ભૂમિકા જેટલી પણ વર્તમાન સરકાર માટે ભજવતા રહ્યા છે. અડવાણી અને મુરધી મનોહર જોષીને હાંસિયે ધકેલી દેનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અરુણ જેટલીની સામે સુબ્રમણ્યમ સ્વામી જેવા નેતાઓ સતત ઝેર ઓકતા રહેતા હોવા છતાં એમને સન્માનપૂર્વક કેબિનેટમાં 'નંબર - થ્રી' હોવા છતાં 'નંબર ટુ' જેટલું મહત્ત્વ આપતા રહે છે. આનું કારણ જેટલીની મેધાવી પ્રતિભા છે. એમણે મોદી અને શાહને ગોધરાકાંડ પછીની કાયદાકીય કાર્યવાહી વખતે ભારે હૂંફ આપી હતી. જેટલીને સંરક્ષણ અને નાણાં જેવા અતિ મહત્ત્વનાં ખાતાં સોંપી મોદીએ એમની નિકટતાનો સંકેત આપી જ દીધો હતો. અમૃતસરની લોકસભાની બેઠક પર પંજાબના વર્તમાન મુખ્યમંત્રી અમરિંદર સિંહ સામે બૂરા હાલે પરાજિત થયા છતાં ગુજરાતના રાજયસભાના આ સદસ્ય મોદી મંત્રીમંડળ-I સત્તાવર્તુળમાં ટકી શક્યા હતા અને નોટબંધી જેવા કઠોર નાણાકીય નિર્ણયમાં સરિયામ નિષ્ફળતા તથા મોંઘવારી નાથવામાં મળેલ પછડાટ છતાં જેટલી મોદી મંત્રીમંડળમાં સૌથી મહત્ત્વના સભ્ય છે, એ કોઈથી અજાણ્યું નથી. ભાગેડુ આર્થિક અપરાધી વિજય માલ્યાએ લંડનમાં જે વટાણા વેરી નાખ્યા તે પછી જેટલીની મુશ્કેલીઓ વધી શકે છે. કિંગફિશર એરલાઈન્સના આ ધુનકુબેર માલિકે બેન્કો સાથે કરેલ છેતરપીંડી પછી જેટલીની સલાહ લીધી હોવાનું કહેવાય છે. ડિફોલ્ટર માલ્યાને સેઈફ પેસેજ આપવામાં ખુદ દેશના નાણામંત્રીએ ભાગ ભજવ્યો હોવાના આક્ષેપોમાં તથ્ય હોવાનું પ્રસ્થાપિત થશે તો મોદીએ નાછૂટકે વરિષ્ઠ નાણામંત્રીને રસ્તો બચાવવો જ પડશે. જો કે રાહુલ ગાંધી અને 'ચશ્મદીદ ગવાહ' સાંસદ પુનિયાના કે કોંગ્રેસ પાર્ટીના અધિકૃત પ્રવક્તાના આક્ષેપોને હાલ પૂરતા તો અરુણ જેટલી ઘોળીને પી ગયા છે. વિજય માલ્યાએ એમને સંસદની લોબીમાં થોડી મિનિટો પૂરતી વાત કરેલી, પણ એમને જેટલીના ખુલાસા મુજબ એમને દાદ નહીં આપતાં જેટલીએ એમને બેન્કો પાસે પહોંચી જઈ રસ્તો કાઢવાનું સૂચવ્યું હતું. પરંતુ સાંસદ પુનિયા સોગંધ ઉપર કહેવા તૈયાર છે કે બેઉ મળેલા જીવ સાંસદની લોબીમાં મળી લીધા પછી સેન્ટ્રલ હોલમાં પણ મળ્યા હતા, જેનો સીસીટીવી ફૂટેલ પુરાવો છે. લૂટ આઉટ નોટિસ કાઢવામાં પણ તંત્ર કાચું પડ્યું હતું. નોટિસ નીકળી ત્યાં સુધીમાં ગુનેગાર મહાશય ફરાર થઈ ગયા હતા. આ બધી રાહત જેટલીએ અપાવી હોવાના ગંભીર આક્ષેપોનો પ્રતિવાદ કરવા માટે ગાંધી પરિવારને કિંગ ફિશર સાથે ઘનિષ્ઠ નાતો હોવાના ગપગોળા ઉડાવાઈ રહ્યા છે. ગાંધી પરિવારને વિદેશયાત્રા માટે મફતમાં બિજનેશ કલાસની ટિકિટ અપાતી હોવાનાં ગતકડાં રોડવાય છે. માલ્યા ગાંધી પરિવારની જેમ જ જેટલી કે સત્તા પર બેઠેલા કોઈ પણ રાજકીય પરિવારને સાચવતા હોય તો એ એમની અંગત બાબત છે. કોંગ્રેસ સરકારના શાસનકાળમાં એમને નિયમ વિરુદ્ધ જઈ લોનો અપાઈ હોય તો એ કોની ભલામણથી અપાઈ હતી એની પણ તપાસ થવી જોઈએ. પણ એ પ્રજાના પરસેવાની કમાણી ચાઉં કરીને માલ્યા દેશ છોડી ગયો એમાં જેટલીએ સીધી કે આડકતરી ભૂમિકા ભજવી હોય તો એમને ખુલ્લા પાડવા જ જોઈએ. મોદી શાસનમાં ભ્રષ્ટાચાર નથી થતો - એવું જે આભાસી સત્ય વારંવાર રજૂ કરાતું રહ્યું છે એની સામે જેટલીએ માલ્યા લંડન જવાનો હોવાનું જાણવા છતાં આંખ આડા કાન કર્યા હોય તો તે મોટી લપડાક બની રહેશે.

કુત્તો કા કોઈ સંડે નહીં હોતા, કુત્તે સાતો દિન કુત્તે હી હોતે હૈ

કુત્તો કા કોઈ સંડે નહીં હોતા,
કુત્તે સાતો દિન કુત્તે હી હોતે હૈ

- પ્યારના કા પંચનામા

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

લવ રંજન દ્વારા દિગ્દર્શિત 'પ્યાર કા પંચનામા' ૨૦૧૧માં આવેલી લૉ બજેટ ફિલ્મ હતી. સુમિત સકસેના અને વૈભવ સુમન આ ફિલ્મના સંવાદ લેખક છે. નોકરી અને તેની મજબૂરી ઉપર કટાળીને ફિલ્મના સહ અભિનેતા દિવ્યેન્દુ શર્માના મુખે આ સંવાદ બોલાવવામાં આવ્યો છે.

નોકરી એટલે સંપૂર્ણ ઓશિયાળા વૃત્તિ. સદાય ઉપરી અધિકારીના કહ્યામાં રહીને, તેમને ગમે તેવી ધડ-માથા વગરની વાત પણ હસીને સહન કરવી પડે છે. સપ્તાહના સાતેય દિવસ ગમે ત્યારે ગમે તે ઘડીએ આપણે નોકરિયાત વર્ગે ૨૪ X ૭ સતત માત્ર બોસની હા જી હા કરીને, આપણી પોતાની કોઈ વિચારધારા નહીં પરંતુ માલિકની ઈચ્છા પ્રમાણે જ જીવવું પડે છે, માટે ઉપરોક્ત સંવાદ આવી જ પરિસ્થિતિઓ વખતે બોલાયેલ છે...

લગભગ છઠ્ઠી સદીમાં વિશાખદત્ત નામ સંસ્કૃત વિદ્વાને 'મુદ્રા રાક્ષસ' નામક એક નાટક લખ્યું હતું. જેમા ચાણક્ય અને રાક્ષસ મુખ્ય પાત્ર તરીકે છે. આ નાટકમાં વિશાખદત્તે લગભગ આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં લખેલ આ કૃતિમાં આવા જ અર્થ - સામ્યતાવાળો એક શ્લોક મળી આવે છે. જોવાની ખૂબી એ છે કે નોકરીયાત વર્ગની પરિસ્થિતિમાં ૧૫૦૦ વર્ષ પછી પણ કોઈ જ ફરક પડ્યો નથી.

ભેતવ્યં નૃપતેસ્તત: સચિવતો રાજ્ઞસ્તતો વલ્લભા
દન્યેભ્યશ્ચ વસન્તિ યસ્ય ભવને લબ્ધપ્રસાદા વિટા: ।
દેન્યાદુન્મુખદર્શનાપલપનૈ: પિણ્ડાર્થમાયસ્યત:
સેવાં લાઘવકારિણી કૃતધિય: સ્થાને શ્વવૃત્તિં વિદુ: ॥

પહેલા રાજાની ડરવાનું, પછી મંત્રીથી, પછી રાજાના માનીતા માણસોથી, પછી બીજા જેઓ ભવનમાં રહે છે, તથા જેમણે રાજાની કૃપા મેળવી છે તેવા લહેરી લાલાઓથી. રોટલા માટે ગરીબડા બનીને, માલિક સામે ઊંચું મોઢું રાખીને જોઈ રહીને તથા (મીઠું-મીઠું) આડું અવળું બોલીને મહેનત કરનારની હલકા પાડનારી નોકરીને યોગ્ય રીતે જ બુદ્ધિશાળી માણસો કૂતરાની વૃત્તિ કહે છે.

માટે જ આપણે ગુજરાતીઓ તો કહીએ છીએ ને કે, ભાઈ ! તું તારું સપનું પોતે પુરું કરી લે નહીંતર કોઈ તમને નોકરીમાં રાખી લેશે પોતાનું પૂરું કરવા માટે...

રવિવારે સાહિત્ય વિચાર-વિમર્શ

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વ્યક્તિત્વના પ્રાણસમી માતૃભાષા ગુજરાતીના સત્વને જાણવા, માણવા અને સ્વભાવનું ગૌરવ વધારવા માટે, જરૂરી સેવા ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિનો વ્યાપ વધારવા 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા દર માસે યોજવામાં આવતી કાર્યશાળા અંતર્ગત દસમી કાર્યશાળા તા. ૯-૯-૨૦૧૮ના રોજ યોજાઈ ગઈ. આ કાર્યશાળાાં, રાષ્ટ્રીય શાયર મેઘાણીજીની તા. ૨૮-૦૮-૧૮ના રોજ ૧૨૨મી જયંતિને અનુલક્ષીને તળાજાના ઉમાકાન્તભાઈ રાજયગુરુએ, મેઘાણીજીની જીવન ઝાંખી કરાવી અને મેઘાણીજીએ લોકો પાસે ઘરબાયેલી ખુમારી અને ખમીરવંતી લોકકથાઓ, લોકગીતો, બહારવટિયાઓની ઝિંદાદીલી, અલખની આરાધના અને જીવનનો મર્મ સમજાવતાં ભજનો આલેખેલ તે લોકભોગ્ય ભાષામાં ઉમાકાન્ત ભાઈ રજૂ કર્યા તથા સમાન લાગતા શબ્દોની જોડણી અને એમની વ્યુત્પત્તિ સમજાવી. જાણીતા ગઝલકાર ધ્વનિલ પારેખે ભગવતીકુમાર શર્માજીની જીવન ઝાંખી કરાવી, તેમની ગઝલ રજૂ કરી. 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન તરફથી ટ્રસ્ટી કિશોર જીકાદરા દ્વારા ધ્વનિલને સ્મૃતિભેટ હર્ષદ શાહ લિખિત પુસ્તક 'શિક્ષણ ચેતના' ભેટ આપી સન્માન કર્યું. વંદે માતરમ્ ગાન સાથે કાર્યશાળાની પૂર્ણાહૂતિ થઈ.'

● 'ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન' દ્વારા દર માસના ત્રીજા રવિવારે યોજવામાં આવતો. 'વાર્તાવાંચન', 'કાવ્યપઠન' અંગેનો એ માસનો કાર્યક્રમ તા. ૧૬-૦૯-૨૦૧૮ને રવિવારના રોજ, બપોરના ૧.૦૦ થી ૪.૦૦ દરમિયાન, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનનું સમિતિખંડ,

અનુસંધાન પાના નં ૭ પર

મુક્તિ સંગ્રામના પ્રથમ સત્યાગ્રહી : વિનોબા ભાવે

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૭મી જૂન - ૧૯૧૬ નો એ દિવસ હતો. આ દિવસે અમદાવાદના રેલ્વે સ્ટેશને એક અજાણ્યો યુવાન મુસાફર ઉતરે છે. પોતાનો સામાન ઉચકી રસ્તો પૂછતા પૂછતા એલિસબ્રીજ પહોંચે છે. યુવાનને જેની તલાશ હતી તે કોચરબ આશ્રમ અહીંજ છે. આશ્રમ પ્રવેશ કરીને બાપુને મળવું છે તેવી વિનંતી કરે છે. બાપુનું કહેણ આવે છે એટલે ઉત્સુકતાથી આ યુવાન બાપુ પાસે જાય છે. જઈને જૂએ છે તો બાપુ શાક સમારતા હતા. યુવાન કહે છે મને આ જોઈને નવાઈ લાગી. દેશના આટલા મોટા નેતા અને શાક સમારે ! પછી યુવાન કહે છે પરંતુ '' મને તો શ્રમનો પાઠ સહેજે મળી ગયો '' જે બાબતના પ્રશ્નો આ નવયુવાનમાં ઉઠતા રહેતા હતા તે તમામ બાબતોનું સામાધાન તેને કોચરબ આશ્રમના આ મહાત્મામાં દેખાયું. હવે બાપુ પાસેથી દૂર જવાનો પ્રશ્ન રહેતો નથી. સમુદ્રને મળવા વેગથી ગયેલી કોઈ નદી ક્યારે પાછી ફરે છે ? બાપુના જીવન કાર્યમાં આ યુવાને પોતાનું જીવન સ્વાહા કર્યું. આ શાક સમારનાર એજ વ્યક્તિ છે જેણે થોડા સમય પહેલાજ બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિલાન્યાસ (૧૯૧૬) પ્રસંગે મોટા અંગ્રેજ અમલદારો અને આભૂષણોથી લદાયેલા રાજવીઓને મોઢા મોઢ તેમની નબળાઈની વાત જાહેર પ્રવચનમાં કરી હતી. આવું સત્ય વિધાન કરતી વખતે આ શાક સમારતા વીર પુરુષની વાણીમાં કડવાશ ન હતી તથા ભારોભાર નિર્ભયતા ટપકતી હતી તે વાતનો પ્રભાવ આ પ્રવાસી યુવાનના માનસ પર ઘવાયેલો હતો. મહાત્મા ગાંધીમાં આ યુવાનને હિમાલયની શાંતિ તથા બંગાળની ક્રાંતિના બેવડા ગુણોનું સંયોજન દેખાયું. જ્યારે આ યુવાન બાબતમાં એક પત્ર ગાંધીજી યુવાનના પિતાને થોડા દિવસ પછી લખે છે તે ગાંધીની દીર્ઘદર્શિતાના પુરાવા સમાન છે. બાપુ યુવાનના પિતાને લખે છે : '' તમારો પુત્ર મારી સાથે છે. નાની ઉમ્મરમાંજ જે તેજસ્વિતા તથા વૈરાગ્ય તેણે કેળવ્યા છે તે કેળવતા મને વર્ષો લાગ્યા હતા. '' આજ યુવાન વિશે બાપુ દીનબંધુ એન્ડ્રુઝને લખે છે : '' આ યુવાન આશ્રમના દુર્લભ રત્નોમાંનો એક છે. આ યુવાન પામવા નહિ આપવા આવ્યો છે. '' વીરતા, તેજસ્વિતા અને જ્ઞાને સાથે મળીને જ્યારે અવતાર ધારણ કરવાનું નક્કી કર્યું હશે ત્યારે વિનોબાજીનું અવતરણ થયું હશે. વિનોબા સિવાય બાપુના આવા પ્રમાણપત્રો કોણ મેળવી શકે ? ૧૧મી સપ્ટેમ્બર (૧૮૯૫)ના દિવસે મહારાષ્ટ્રમાં જન્મ લેનાર આ દાઢીવાળા બાવાની પાવક સ્મૃતિ આ માસમાં અનેક લોકોને વિશેષ રીતે થતી હશે. તરવારના ધારકોને થંભી જવાની વીરહાક વિનોબાજી સિવાય કોણ મારી શકે ? કવિ કાગ લખે છે :

થંભી જાજો હો તરવારીઆ !
કાં તરવાર સજાવો ?
તેગ તોપને ખાંડો ખાંડણીએ
દાતરડાં નિપજાવો..
અલેકીઓ માગવા આવ્યો રે..
આ તો દેશ દખણનો બાવો.

ગઈ સદીના મહામાનવ બાપુ તથા વિનોબા વચ્ચેના અનેક સંવાદો હૈયામાં મઢીને રાખવા જેવા છે. બાપુની આત્મકથા ''સત્યના પ્રયોગો'' છપાતી હતી ત્યારે વિનોબાએ બાપુને પૂછ્યું. : '' તમે સત્યવાદી છો એટલે ખોટું તો કશું નહિ લખો. તમારા લખાણથી કોઈ નુકશાન પણ થશે નહિ. પરંતુ તેનાથી ફાયદો શો થશે તેની ખબર નથી. કેમકે તે કથામાંથી જેને જે લેવું હશે તેજ લેશે. '' બાપુ ત્વરિત જવાબ વાળે છે. '' તારા પ્રશ્નમાંજ જવાબ આવી જાય છે. (આત્મકથાથી) નુકશાન નહિ થાય એટલું પૂરતું છે. જ્યાં સુધી ફાયદાને લાગે વળગે છે ત્યાં સુધી આપણાં બધા કામોનું પરિણામ મીંડું છે. આપણે તો સેવા કરી છૂટીએ '' વિનોબાજી કહે છે આ જવાબથી મને બાપુના સમગ્ર તત્વજ્ઞાનનું દર્શન થયું. કર્તાભાવના અભાવ સાથે નિષ્કામ કર્મયોગની ભાગવતના મોહનની વાતનો પડઘો જાણે પોરબંદરની ધરતી પર જન્મ લેનારા મોહનની વાતમાં આબેહૂબ રીતે પડે છે. જીવનને કર્મપ્રધાન બનાવીને બાપુએ કર્મયોગ સાથેનો આપણો મજબૂત સંબંધ પુનઃ પ્રસ્થાપિત કર્યો છે.

દેશની મુક્તિ માટેની ચળવળ ચાલતી હતી તેવા ગાળામાં ૧૯૪૦ માં બાપુ તરફથી વિનોબાને સંદેશો મળ્યો. બાપુએ કહેણ મોકલ્યું કે વિનોબાની સેવાની તેમને જરૂર છે. વ્યક્તિગત સત્યાગ્રહના બાપુના વિચારનો અમલ કરવા માટે પ્રથમ સત્યાગ્રહી તરીકે બાપુની પસંદગી વિનોબાજી પર ઢળી હતી. બાપુના કહેણના સંદર્ભમાં વિનોદ કરતાં વિનોબાજી બાપુને કહે છે : '' મારા માટે તમારું અને યમરાજનું તેડું એમ સમાન છે. તેને ના કહી શકાય નહિ. '' આ લડતના પ્રથમ સત્યાગ્રહી બનીને વિનોબાજીએ સમગ્ર લડતની દોરવણી કરી.

ભૂદાનની ચળવળના આ સંતે હજારો વ્યાખ્યાનો તથા અનેક પુસ્તકો લખીને આજીવન એક લોકશિક્ષકનું કામ કર્યું. '' સ્વાધ્યાય પ્રવચનાભ્યામ્ મા પ્રમદિત્યેવમ્ '' વાળું ઉપનિષદ સૂત્ર વિનોબાજી પોતાના જીવનકાર્યથી સાર્થક કરતા ગયા. વિનોબાજી એક વિરલ વિભૂતિ હતા. વિજ્ઞાન અને ધર્મ વિશે એક નૂતન દ્રષ્ટિ તેમણે આપી. દેશ સ્વતંત્ર થયો ત્યારબાદ ગાંધીના ચીંધેલા માર્ગે લોકશક્તિ નિર્માણનું વિરાટ કાર્ય તેમણે કર્યું. જાગૃત અને સભાન લોકશક્તિજ અમર્યાદિત બની જતી રાજ્યશક્તિને નિયંત્રણમાં રાખી શકે છે તે વાત આ ગાંધીના અનુયાઇ બરાબર સમજતા હતા. જીવનમાં જે કંઈ કરવાની પ્રેરણા મળી તે શંકરાચાર્ય, જ્ઞાનદેવ અને ગાંધી પાસેથી મળી તેવા બાબાના કથનમાં ભારોભાર વિવેક અને સ્વસ્થતાનું દર્શન થાય છે. સમાજ ઘડતરના કાર્ય માટે તેમજ જગતના ઈતિહાસમાં અનોખા કહી શકાય તેવા ભૂદાન કાર્ય માટે વિનોબાજી સદાકાળ યાદ રહેશે.

મહિલાઓની પવિત્રતા માટે દુષિત ચિંતા શાને છે?

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

સામા પાંચમ કે ઋષિ પાંચમ મહિલાઓની પવિત્રતા કે - પાપ પ્રક્ષાલન માટે સામાજિક દૃષ્ટિએ ઉજવવામાં આવે છે. પરંપરા સંસ્કૃતિને આગળ ધપાવવા માટે હંમેશા સહકાર આપે છે પરંતુ પવિત્રતાને જાળવી રાખવા અને પાપ ધોવા માટેનો આ સામાજિક કર્મકાંડ માત્ર મહિલાઓને જ પાળવાનો એની સામે આપણને ચોક્કસ વિરોધ હોય જ. ગાંધીજી એ તો હંમેશા સ્ત્રી ઉત્થાન માટે - સ્ત્રી પુરુષ એક સમાન છે એવા વિચારો વ્યક્ત કર્યા હતા. ત્યારે ભાદ્રપદ માસના આ દિવસોમાં મહિલાઓ - રજસ્વલા સ્ત્રીઓને પાળવાની પાંચમ સાથે પવિત્ર અને પવિત્રતાના ખ્યાલમાં આપણે ગાંધીજીના વિચારો કેવા હતા એ જોવા જેવા છે. સ્ત્રીઓ બાબતે ગાંધીજી લખે છે 'શીલને વાડની જરૂર નથી હોતી. તેની આસપાસ પડદારૂપી વાડ ઊભી કરવા થકી તેની રક્ષા કરી શકાતી નથી. તેઓ સવાલ કહે છે બહેનોની પવિત્રતાને માટે આટલી બધી દૂષિત ચિંતા શાને છે ? પુરુષોની પવિત્રતાની બાબતમાં બહેનોનો કહશો અવાજ છે ખરો ?' પુરુષોની પવિત્રતાની બાબતમાં બહેનોનો કશો અવાજ છે ખરો ? પુરુષોની પવિત્રતાને વિષે બહેનોની ચિંતાની કશી વાત આપણા સાંભળવામાં નથી આવતી. ગાંધીજીના સવાલો અને એ સવાલોમાંથી સમાજમાં સમજણ ફેલાય એ માટે ફરી પાછા તેઓ વધુ એક પ્રશ્ન કરે છે. બહેનોની પવિત્રતાના રખેવાળ બનવાના હક્કનો બોજો પુરુષોએ પોતાના માથે લઈને શાને ફરવું જોઈએ ? એ બહારથી લાદી શકાય એમ નથી. એ વસ્તુ દિલમાંથી ઉઘવી જોઈએ અને તેથી તે વ્યક્તિના પુરુષાર્થને આધીન છે એમ સમજાવતા ગાંધીજી સરળ સવાલોમાં સ્ત્રીની પવિત્રતાના ચોકીદાર બનવા પુરુષોને સીધી સમજાવે છે.

મહિલાના 'રખવાળ'ની માનસિકતામાંથી પુરુષોને બહાર આવવા મહાત્મા ગાંધીની શિખ

સ્ત્રીઓની પવિત્રતા તો પુરુષો કરતાં જોજન આગળ છે એવું સમજાવતા પિતૃપ્રધાન સમાજના પુરુષોને ગાંધી કહે છે, 'જીવનમાં જે કંઈ વિશુધ્ધ છે, જે કંઈ ધર્મયુક્ત છે તે બધાંની સ્ત્રીઓ ખાસ રખવાય છે. પ્રકૃતિથી સ્થિતિચુસ્ત હોવાની વહેમી ટેવો છોડતા તેમને વખત લાગે છે, એ ખરું પરંતુ જીવનમાં જે કંઈ વિશુદ્ધ અને ઉમદા હોય છે તે પણ મહિલા જટ તજતી નથી.

સ્ત્રીએ પુરુષોની સહચારિણી છે, તેના સરખા જ મનવાળી છે; પુરુષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતાએ જાણવાનો તેને અધિકાર છે. જેટલી છૂટ પુરુષ ભોગવે છે. તેટલી જ તેને ભોગવવાનો હક છે. અક્ષરજ્ઞાન ભલે હોય છતાં અજ્ઞાનરૂપી ઊંડી કૂવામાં ઉભેલા પુરુષો જ ન ભોગવી શકે તેવા અધિકારો કૂડી પ્રથાને લીધે સ્ત્રીઓ ઉપર ભોગવે છે.

મહાત્મા ગાંધીએ આજીવન સામાજિક નિસ્બત કેળવવાની પ્રવૃત્તિ હાથ ધરી હતી. કોઈ કાર્યક્રમમાં વક્તા તરીકેની ભૂમિકા હોય કે ગોળમેજી પરિષદની બેઠકમાં સ્વતંત્રતાની વાત કરતા હોય કે કોઈનો પત્ર આવે તો તેણે રજૂ કરેલી સમસ્યાનો પ્રત્યુત્તર આપવાની વાત હોય ગાંધીજી હંમેશા લખાણ સાથે વ્યક્ત થયા છે. આજના લેખમાં સ્ત્રીઓની પવિત્રતા સંબંધને રૂઢિગત સામાજિક ખ્યાલોને ફગાવવાની હિમાયત છે. ત્યારે આવી જ એક સ્થિતિનો એક યુવકનો પત્ર સંદર્ભ તરીકે જોવા જેવો છે.

મહાત્મા ગાંધીને એક યુવકે લખેલો પત્ર છે એનો સાર રજૂ કરવા સંબંધે ગાંધી પોતાના વિચારો વ્યક્ત કરે છે એ જોવા જેવું છે. પત્રમાં યુવક લખે છે :

'હું પરણેલો છું, પણ પરદેશ ગયો હતો. મારો એક મિત્ર હતો, જેનો મને અને માબાપને પૂરો વિશ્વાસ હતો. તે મિત્રે મારી પત્નીને ભોળવી છે. હવે હું પરદેશથી પાછો ફર્યો છું, તો સ્ત્રીને પેલા મિત્રની ગર્ભ રહ્યો છે. બાપને ખબર પડતાં તે કહે છે કે મારે ગર્ભપાત કરાવવો જોઈએ. તેમ ન થાય તો કુટુંબની લાજ જાય. મને આમાં ધર્મ નથી જણાતો. સ્ત્રીને પશ્ચાતાપ ખૂબ થાય છે. તે ખાતીપીતી નથી, તે કલ્પાંત કરે છે. મારો શો ધર્મ છે એ મને બતાવશો ?'

ગાંધીજી જવાબ આપતા લખે છે : 'આ કાગળ હું બહુ સંકોચપૂર્વક છાપું છું. આવા દાખલા સમાજમાં બન્યા કરે છે સૌ જાણે છે. તેને વિષે જાહેરમાં મર્યાદિત કરવી મને અયોગ્ય નથી લાગતી. આવશ્યક પણ લાગે છે.'

ગર્ભપાત ન કરાય એ તો દીવા જેવું સ્પષ્ટ છે. જેવો દોષ આ બિચારી સ્ત્રીએ કર્યો છે એવો દોષ હજારો પતિ કરે છે. તેમને કોઈ પૂછતું નથી. સમાજ તેમને દરગુજર કરે છે. એટલું જ નહીં. તેમની નિંદા સરખીયે નથી કરતો. જે વિકારને વશ પુરુષ છે તે જ વિકારને વશ સ્ત્રી પણ છે. ભેદ એ જ છે કે પુરુષના દોષ જાહેર નથી થતા, સ્ત્રીના સહેજે જાહેર થઈ જાય છે.

આ સ્ત્રી દયાને પાત્ર છે. તેના બાળકને પ્રેમપૂર્વક ઉછેરવાનો તેના પતિનો ધર્મ છે. બાપની ઈચ્છાને વશ ન થવાનો ધર્મ છે. એ સ્ત્રીની સાથે પતિએ હવે સંગ કરવો કે નહીં એ અટપતો પ્રશ્ન છે. પતિ પત્નીપરાયણ હોય, તેણે કદી દોષ ન કર્યો હોય, તો તેણે પત્નીના સંગનો ત્યાગ કરવો યોગ્ય ગણાય. પત્